# યુવક મહોત્સવ માર્ગદર્શિકા

## ‘અવસર-૨૦૨૨’

સાંસ્કૃતિક વિભાગ
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી
સરકારી પોલિટેકનિક કેમ્પસ, યુનિવર્સિટી રોડ
ખડીયા-૩૬૨૨૬૩, જૂનાગઢ. ફોન નં:-૦૨૮૫ ૨૬૮૧૪૦૦
Email: info@bknmu.edu.in, cultural.bknmu@gmail.com

# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી યુવક મહોત્સવમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓ માટેના સામાન્ય નિયમો

આથી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ અને અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓને જાણ કરવામાં આવે છે કે આગામી યુવક મહોત્સવમાં નીચેની બાબતો વિશે કાળજી લેવાની રહેશે.

૧. ધો. ૧૨ પાસ કર્યા બાદ જે વિદ્યાર્થી ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.માં ડિગ્રી કોર્સ અથવા તો પી.જી. કોર્સ તેમજ ડિપ્લોમાં કોર્સ માટે રજિસ્ટર થયા હોય અને જેઓ ૧ વર્ષના અભ્યાસક્રમમાં જોડાયેલ હોય અને જેની પરીક્ષા ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી દ્વારા લેવાનાર હોય તેવા જ વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે.

૨. ધો. ૧૨ પાસ કર્યા બાદ ૫ વર્ષ સુધી જ ભાગ લઈ શકાશે.

૩. ૧લી જુલાઈના રોજ જેની ઉંમર ૨૫ વર્ષ ન થતી હોય તેવા વિદ્યાર્થીઓ ભાગ લઈશકશે. (૨૫ વર્ષથી ઉપરની ઉંમરના વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે નહીં.)

૪. અભ્યાસક્રમના સામાન્ય સમયગાળાથી એક વર્ષ વધુ ભાગ લઈ શકશે. (દા.ત.:- બી.એ. નો ત્રણ વર્ષનો અભ્યાસક્રમ છે તો કોઈ વિદ્યાર્થી એકાદ વર્ષ રીપીટર હોય તો ૩ + ૧ = ૪ વર્ષ ભાગ લઈ શકે અને પી.જી. કોર્સમાં ૨ + ૧ = ૩ વર્ષ ભાગ લઈ શકશે.)

૫. કોઈ વિદ્યાર્થી નોકરી કરતા હોય તો તે વિદ્યાર્થી ભાગ લઈ શકશે નહીં.

૬. એક વિદ્યાર્થી વધુમાં વધુ ત્રણ સ્પર્ધામાં ભાગ લઈ શકશે.

૭. કામચલાઉ પ્રવેશ મેળવનાર વિદ્યાર્થી યુવક મહોત્સવમાં ભાગ લઈ શકશે નહીં.

૮. બીજી યુનિવર્સિટીમાંથી આ યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીનો પ્રવેશ કન્ફર્મ ન થાય ત્યાં સુધી ભાગ લઈ શકશે નહીં.

૯. એન્ટ્રી ફોર્મમાં જે સ્પર્ધામાં ભાગ લેવાનો ન હોય તેમાં નિલ માહિતી ભરીને મોકલી આપવી. એન્ટ્રી ફોર્મના દરેક પેઈઝ પર આચાર્યશ્રીએ સહી સિક્કા કરી માહિતી પ્રમાણિત કરવાની રહેશે.

**નોંધઃ-** (૧) ઉપરના નિયમોની વિરૂદ્ધ કોઈપણ કોલેજના વિદ્યાર્થીઓ ભાગ લેશે તો વિદ્યાર્થી અને કોલેજને યુવક મહોત્સવની સ્પર્ધામાંથી અયોગ્ય ગણવામાં આવશે.

(2) આ સાથે જોડેલ ફોર્મ યુવક મહોત્સવમાં ભાગ લેનાર દરેક વ્યક્તિએ ભરવાનું રહેશે અને એન્ટ્રી ફોર્મ સાથે જ મોકલવાના રહેશે.

(3) ડીગ્રી કે પોસ્ટ ગ્રેજ્યુએટ અભ્યાસક્રમમાં ચાલુ વર્ષે અભ્યાસ કરતા નિયમિત વિદ્યાર્થીઓ જ યુવક મહોત્સવમાં ભાગ લેવા માટેની લાયકાત ધરાવે છે.

(4) વિદ્યાર્થી યુવક મહોત્સવની સ્પર્ધામાં કોઈ એક જ અભ્યાસક્રમ /કોલેજ કે ડીપાર્ટમેન્ટ દ્વારા જ ભાગ લઈ શકશે.

(5) યુવક મહોત્સવ સ્પર્ધામાં ભાગ લેનાર વિદ્યાર્થીએ પોતાની કોલેજ/ યુનિવર્સિટીનું સક્ષમ અધિકારીની સહી અને વિદ્યાર્થીના ફોટાવાળું આઈડેન્ટી કાર્ડ રજૂ કરવાનું રહેશે.

# યુવકમહોત્સવની સ્પર્ધા માટેની  નિયમાવલિ

## [I] સંગીત વિભાગ

(૧) **શાસ્ત્રીય કંઠ્યસંગીત  (Classical Vocal Solo) Hindustani or Karnatak) :**

- આ સ્પર્ધામાં એક હરીફ ભાગ લઈ શકશે.
- વધુમાં વધુ બે સહાયકો રાખી શકાશે.
- હિન્દુસ્તાની, કર્ણાટકી સંગીતની કૃતિની રજૂઆત કરવાની રહેશે.
- સ્પર્ધાની સમયમર્યાદા ૧૦ મિનિટની રહેશે.
- સિનેમામાં આવતી કૃતિઓ ગાઈ શકાશે નહિ.
- ગીતોની પસંદગીમાં વિચાર અને વસ્તુને અગ્રતા આપવામાં આવશે.
- આ સ્પર્ધામાં સ્વર, તાલ, રાગની પસંદગી અને કમ્પોઝીશન વગેરે  બાબતોને નિર્ણાયક પ્રાધાન્ય આપશે.
- વાજિંત્રો સ્પર્ધકે પોતાના લાવવાના રહેશે.

(૨) **શાસ્ત્રીય વાદ્ય સંગીત (તાલવાદ્ય) (Classical Instrumental Solo) (Percussion) :**

- દરેક કોલેજમાંથી ફક્ત એક જ એન્ટ્રી સ્વીકારવામાં આવશે.
- વધુમાં વધુ બે સહાયકો રાખી શકાશે.
- સ્પર્ધકે વાદ્ય-સાધન પોતાનું લઈ આવવાનું રહેશે.
- હિન્દુસ્તાની અથવા કર્ણાટકી શૈલીની કૃતિ રજૂ કરી શકાશે.
- તાલ, કમ્પોઝીશન અને સમગ્ર રજૂઆતની કક્ષાને ધ્યાનમાં લઈને નિર્ણય આપવામાં આવશે.
- આ સ્પર્ધાની સમયમર્યાદા ૧૦ મિનિટની રહેશે.

(૩) **શાસ્ત્રીય વાદ્ય સંગીત (સ્વરવાદ્ય) (Classical Instrumental Solo) (Non-Percussion) :**

- દરેક કોલેજમાંથી ફક્ત એક જ એન્ટ્રી સ્વીકારવામાં આવશે.
- વધુમાં વધુ બે સહાયકો રાખી શકાશે.

- સ્પર્ધકે પોતાનું વાદ્ય-સાધન લઈ આવવાનું રહેશે.
- ભારતીય રાગ શૈલીની કૃતિ રજૂ કરી શકાશે.
- હિન્દુસ્તાની અથવા કર્ણાટકી શૈલીની કૃતિ રજૂ કરી શકાશે.
- સ્વર, તાલ, રાગની પસંદગી, કમ્પોઝીશન તથા સમગ્ર રજૂઆતની કક્ષાને ધ્યાનમાં લઈને નિર્ણય આપવામાં આવશે.
- આ સ્પર્ધાની સમયમર્યાદા ૧૦ મિનિટની રહેશે.

### (૪) પશ્ચિમી વાદ્ય સંગીત (Western Instrumental Solo)

- દરેક કોલેજમાંથી ફક્ત એક જ એન્ટ્રી સ્વીકારવામાં આવશે.
- વધુમાં વધુ બે સહાયકો રાખી શકાશે.
- સ્પર્ધકે વાદ્ય-સાધન પોતાનું લઈ આવવાનું રહેશે.
- સ્પર્ધક કોઈ પણ પશ્ચિમી શૈલીની કૃતિ રજૂ કરી શકશે.
- તાલ, લય અને સમગ્ર રજૂઆતની કક્ષાને ધ્યાનમાં લઈને નિર્ણય આપવામાં આવશે.
- આ સ્પર્ધાની સમયમર્યાદા ૧૦ મિનિટની રહેશે.

### (૫) હળવું કંઠ્યસંગીત (Light Vocal Indian) :

- આ સ્પર્ધામાં એક હરીફ ભાગ લઈ શકશે.
- વધુમાં વધુ બે સહાયકો રાખી શકાશે.
- સ્પર્ધાની સમયમર્યાદા ૫ મિનિટની રહેશે.
- સિનેમા સિવાયની પ્રાચીન-ગીત, ગઝલ, ભજન, અભંગ રજૂ કરી શકાશે.
- આ સ્પર્ધાના સ્વર, તાલ, કમ્પોઝીશન વગેરે બાબતોને નિર્ણાયક પ્રાધાન્ય આપશે.

### (૬) પશ્ચિમી વ્યક્તિગત કંઠ્યસંગીત (Western Vocal Solo) :

- દરેક કોલેજમાંથી ફક્ત એક જ સ્પર્ધક ભાગ લઈ શકશે.
- મંચ/સાધનની ગોઠવણ માટે વધુમાં વધુ બે મિનિટ મળશે.
- સ્પર્ધક સાથે બે થી વધુ સહયોગી રાખી નહીં શકાય.
- રજૂઆત માટે સમયમર્યાદા ૫ મિનિટ રહેશે.
- ગીતની ભાષા ફક્ત અંગ્રેજી હોવી જોઈએ.

- નિર્ણયનો આધાર ગીતની રચના, ધૂન, સમન્વય અને સામાન્ય અસર પર રહેશે.

(૭) **સમુહગીત (Group Song) (INDIAN):**

- આ સ્પર્ધાનો સમય ૧૦ મિનિટનો રહેશે.
- બે સમુહગીત રજૂ કરવાના રહેશે. જે પૈકી એક લોકગીત હોવું જ જોઈએ.
- સમુહગીતના ગાયક કલાકારની સંખ્યા વધુમાં વધુ છ રાખી શકાશે.
- ગાયક કલાકાર ઉપરાંત વધુમાં વધુ ત્રણ સાજીંદા સમુહગીતમાં ભાગ લઈ શકાશે.
- ગીત ગુજરાતી અથવા હિન્દી ભાષામાં રહેશે.
- ગીતકૃતિમાં સૌરાષ્ટ્રની અસ્મિતાનાં દર્શન થતાં હોય તેવી કૃતિની વિશિષ્ટ છાપને ગુણ ગણતરી વખતે ધ્યાનમાં લેવામાં આવશે.
- સમુહગીતની આ સ્પર્ધામાં સિનેમાનાં કોઈપણ ગીતનો સમાવેશ કરી શકાશે નહિ.
- મૂલ્યાંકનમાં ગાયનની ગુણવત્તાને જ ધ્યાનમાં લેવામાં આવશે, મેકઅપ, પહેરવેશ, સાજ, સજાવટ, પ્રકાશ વ્યવસ્થા વગેરેને પ્રાધાન્ય અપાશે નહીં.

(૮) **સમુહ ગીત (પાશ્ચાત્ય) (Western Group Song) :**

- સંસ્થા દીઠ એક જ વૃંદ ભાગ લઈ શકશે.
- ગાયક વૃંદમાં વધુમાં વધુ છ ગાયકો માન્ય રહેશે, જ્યારે સંગીત વાદ્યોના સહાયકો વધુમાં વધુ ત્રણ રહેશે.
- સમુહ ગીત અંગ્રેજી ભાષામાં હોવું જોઈએ.
- મંચ/વાજિંત્ર ગોઠવવા માટે વધુમાં વધુ પાંચ મિનિટ મળશે, જ્યારે સમુહ ગીત ગાન માટે મહત્તમ સમયમર્યાદા ૧૦ મિનિટની રહેશે.
- આ સ્પર્ધાના નિર્ણય માટે ગાયનની ગુણવત્તા ધ્યાને લેવાશે, વેશભૂષા કે હલન ચલન ધ્યાને નહીં લેવાય.

(૯) **લોકગીત (Folk Song) :**

- દરેક કોલેજ આ સ્પર્ધા માટે માત્ર એક હરીફ પસંદ કરી મોકલી શકશે.
- લોકગીતમાં પ્રચલિત લોકગીત, લગ્નગીત, હાલરડાં, ખાયણાં, પૂજા- અનુષ્ઠાન ગીતોનો સમાવેશ થાય છે.

- આ સ્પર્ધામાં લોકગીતની કોઈ એક કૃતિ રજૂ કરી શકાશે.
- આ સ્પર્ધાની સમયમર્યાદા સાત મિનિટની રહેશે.
- લોકગીત રજૂ કરનાર સ્પર્ધકે અપ્રચલિત લોકગીત શોધીને રજૂ કરવું એ ઇચ્છનીય ગણાશે.
- લોકગીતની રજૂઆતમાં સમુહની જરૂરિયાત જણાતી હોય તો સમુહગીતની ટૂકડીની મદદ લઈ શકાશે.
- વાજિંત્રમાં માત્ર રિધમનો આશરો લઈ શકાશે.
- કોઈપણ કવિ રચિત રચનાનો સમાવેશ લોકગીતમાં થતો નથી.

(૧૦) **ભજન (Inter College Level): ફક્ત આંતર કોલેજ માટે.**

- દરેક કોલેજ આ સ્પર્ધા માટે માત્ર એક હરીફ પસંદ કરી મોકલી શકશે.
- આ સ્પર્ધામાં ભજનની કોઈ એક કૃતિ રજૂ કરી શકાશે.
- આ સ્પર્ધાની સમયમર્યાદા ૭ મિનિટની રહેશે.
- ભજનની રજૂઆતમાં સમુહની જરૂરિયાત જણાતી હોય તો ટૂકડીની મદદ લઈ શકાશે.
- વાજિંત્રમાં માત્ર રિધમનો આશરો લઈ શકાશે.

(૧૧) **દુહા-છંદ (Inter College Level): ફક્ત આંતર કોલેજ માટે.**

- આ સ્પર્ધામાં દરેક કોલેજમાંથી એક અથવા બે પસંદ થયેલા સ્પર્ધકો ભાગ લઈ શકશે.
- સ્પર્ધાની સમયમર્યાદા ત્રણ થી પાંચ મિનિટ રહેશે.
- આ સ્પર્ધામાં કોઈપણ પ્રકારના સાજીંદા કે સહાયકો લેવા દેવામાં આવશે નહિ.
- આ સ્પર્ધા માટે જે કોલેજોએ બે સ્પર્ધકો મોકલ્યા હશે તે સ્પર્ધકોએ સામસામા સવાલ જવાબના રૂપમાં દુહા-છંદ ગાવાના રહેશે. તેમને સંયુક્ત રીતે પાંચથી સાત મિનિટનો સમય આપવામાં આવશે.
- સ્પર્ધામાં માત્ર દુહા, માત્ર છંદ અથવા બંને ગાઈ શકાશે.

(૧૨) **સમુહ લોકવાદ્ય સંગીતઃ (Folk Orchestra)**

- પ્રત્યેક કોલેજ ફક્ત એક જ ટીમ (વૃંદ) મોકલી શકશે.
- પ્રત્યેક ટીમમાં ૧૨ જેટલા સ્પર્ધકો ભાગ લઈ શકશે.
- પ્રત્યેક ગૃપમાં બધા જ છોકરાઓ અથવા છોકરીઓ અથવા બન્ને એક સાથે એ રીતે ભાગ લઈ શકશે.

- કૃતિ પ્રસ્તુતિની સમયમર્યાદા ઓછામાં અવલી ૭ મિનિટ અને વધુમાં વધુ ૧૦ મિનિટની રહેશે.
- પ્રસ્તુતિની તૈયારી માટે ૫ મિનિટથી વધારે સમય નહિ મળી શકે.
- વધુમાં વધુ ૩ વ્યાવસાયિક વાદકો રાખી શકાશે. એ વાદકોએ પોતાની સરળ ઓળખ માટે સ્પર્ધક વિદ્યાર્થીઓ કરતાં અલગ પ્રકારના વસ્ત્રો (ડ્રેસ કોડ) પહેરવાનો રહેશે.
- વ્યાવસાયિક વાદકોએ બેઠાં બેઠાં કે ઊભાં ઊભાં, સ્પર્ધકોથી અલગ રહીને પ્રસ્તુતિ કરવાની રહેશે અને તેઓ ટીમનું નેતૃત્વ નહીં કરી શકે.
- ટીમ દ્વારા એવી લોકધુન પ્રસ્તુત થવી જરૂરી છે, જે લોકધૂન તરીકે માન્ય હોય અને જે તે યુનિવર્સિટીના રાજ્યની વિસ્તારની ઓળખ પ્રગટાવતી હોય.

**(૧૩) નરસિંહ મહેતા પદગાન સ્પર્ધા : ફક્ત આંતર કોલેજ માટે**

- જે તે કોલેજ પસંદ કરેલ એક વ્યક્તિને સ્પર્ધામાં મોકલી શકશે.
- આ સ્પર્ધામાં માત્ર ભક્તકવિ નરસિંહ મહેતાની કોઈ એક રચનાનું ગાન રજૂ કરવાનું રહેશે.
- સ્પર્ધાનો સમય વધુમાં વધુ ૧૦ મિનિટનો રહેશે.
- ગાયક સ્પર્ધક ઉપરાંત વધુમાં વધુ ત્રણ સાજીંદા ભાગ લઈ શકશે.
- વધુમાં વધુ બે સહાયકો રાખી શકાશે.
- સ્વર, તાલ, રાગની પસંદગી, કમ્પોઝીશન તથા સમગ્ર અસરની કક્ષાને નિર્ણયક ધ્યાને રાખશે.
- વાજિંત્રો સ્પર્ધકે પોતાના લાવવાના રહેશે.

## [II] નૃત્ય વિભાગ

**(૧) શાસ્ત્રીય નૃત્ય (Classical Dance) :**

- આ સ્પર્ધામાં માટે દરેક કોલેજ પસંદ કરીને એક કલાકાર મોકલી શકશે.
- નીચેના પ્રકારોમાંથી કોઈપણ એક પર રજૂ કરી શકાશે.
  (૧) કથ્થક (૨) ભરતનાટ્યમ્ (૩) મણીપુરી કે કુચીપુડી
  (૪) કથ્થકલી (૫) મોહિનીઅટ્ટમ
- શાસ્ત્રીય નૃત્ય સ્પર્ધામાં સમયમર્યાદા ૧૫ મિનિટની રહેશે.
- મુલ્યાંકનમાં તાલ, ટેકનિક, રીધમ, હાવભાવ, વેશ-પરિધાન, ફૂટવર્ક

(પદભંગિઓ) અને સમગ્ર અસરને ધ્યાનમાં લેવામાં આવશે.

- સાથ સંગીતમાં વધુમાં વધુ ત્રણ વ્યક્તિઓ રાખી શકાશે.
- સ્પર્ધામાં કેસેટનો ઉપયોગ કરી શકાશે.

(૨) **સમુહ નૃત્ય/રાસ/આદિવાસી નૃત્ય (Folk/Tribal Dance) :**

- આ સ્પર્ધામાં ભાગ લેનાર કલાકારોની સંખ્યા વધુમાં વધુ ૧૦+૫ ગાનાર તથા સાજીંદાઓની રહેશે.
- સમુહ નૃત્યની સમયમર્યાદા ૧૦ મિનિટની રહેશે.
- સમુહ નૃત્ય ભારતીય શૈલીમાં જ રજૂ કરી શકાશે.
- આ સ્પર્ધામાં સાજીંદાઓની ગેરહાજરીમાં વધુમાં વધુ ૧૫ સ્પર્ધકો ભાગ લઈ શકશે.
- આ સ્પર્ધામાં એકલા ભાઈઓ અથવા બહેનો અથવા ભાઈઓ- બહેનોની એવી કોઈપણ ટુકડી ભાગ લઈ શકશે.
- વધુમાં વધુ પાંચ સહાયકો રાખી શકાશે. (નોંધ સહાયકોની ગેરહાજરીમાં પંદર વ્યક્તિઓ નૃત્યમાં ભાગ લઈ શકશે)
- ગીતની કૃતિ, શીર્ષક અને વિષયવસ્તુની ચાર નકલ એન્ટ્રી સાથે મોકલવાની રહેશે.
- સ્પર્ધક ટીમે સ્પર્ધા પૂરી થયે પોતાની સાધન-સામગ્રી સ્ટેજ પરથી તાત્કાલિક ખેસડી લેવાની રહેશે.
- નિર્ણાયકો લય-તાલ, રજૂઆત, પોષાક, શણગાર, સેટ્સ, સંયોજન અને સમગ્ર અસરને નિર્ણયમાં અગ્રતા આપશે.
- સમુહ નૃત્યમાં નીચે પ્રમાણેના કાર્યક્રમોનો સમાવેશ થઈ શકશે. (અ) ટિપ્પણી નૃત્ય (બ) માછીમાર (ક) વણઝારા (ડ) ખેડૂત વગેરેનાં નૃત્ય (ઈ) આદિવાસીઓના નૃત્ય (ફ) પ્રાચીન રાસ તેમજ પરપ્રાંત સહિતના રજૂ કરી શકાશે.
- સાજીંદામાં કિ-બોર્ડ (સંગીત ઇન્સ્ટ્રુમેન્ટ કેસીયો) નો ઉપયોગ કરી શકાશે નહિ.
- આ સ્પર્ધામાં સ્પર્ધકે નૃત્ય કરતાની સાથે ગાઈ શકશે તેમજ સાજિંદાઓ સાથે બેસીને પણ ગાઈ શકશે. સી.ડી. ઉપર સમૂહ નૃત્ય રજૂ કરી શકાશે નહિ તેમજ કોલર માઈક પણ ચાલશે નહિ.

## [III] સાહિત્ય વિભાગ (Literary Events):

### (1) ક્વિઝ (Quiz):

- દરેક કોલેજ ત્રણ વિદ્યાર્થીની ટીમ મોકલી શકશે.
- પ્રાથમિક (પહેલો) રાઉન્ડ લિખિત રૂપમાં રહેશે અને ફાઈનલ માટે ટીમની પસંદગી કરવામાં આવશે. લિખિત રાઉન્ડમાં બન્ને વિદ્યાર્થીના સરેરાશ માર્ક પસંદગી માટે ગણાશે.
- ફાઈનલ રાઉન્ડ દ્રશ્ય-શ્રાવ્ય પ્રશ્નો સાથેનો મૌખિક રૂપનો રહેશે.
- મૂલ્યાંકન પદ્ધતિ, ઉત્તરો આપવાની સમયમર્યાદા અને વિવિધ પ્રકારના રાઉન્ડ વિશેના ચોક્કસ નિયમો સ્પર્ધા શરૂ થતાં પહેલાં આપવામાં આવશે.

### (2) વક્તૃત્વ સ્પર્ધા (Elocution):

- સ્પર્ધા ગુજરાતી, હિન્દી કે અંગ્રેજી ભાષામાં રહેશે.
- સ્પર્ધાનો વિષય નક્કી કરીને યુનિવર્સિટી તરફથી ૨૪ કલાક પહેલાં જાહેર કરવામાં આવશે.
- રાષ્ટ્રની એકતાને પોષે, સમાજ અને રાષ્ટ્રના વિકાસમાં ફાળો આપે, યુવાનોને સ્વતંત્ર રીતે પોતાના વિચારો રજૂ કરવાની તક આપે એવા વિષયો સામાન્ય રીતે પસંદ કરવામાં આવશે.
- સ્પર્ધાની સમયમર્યાદા પાંચ મિનિટની રહેશે. આંતર યુનિવર્સિટી કક્ષાએ ઓછામાં ઓછી ૭ વધુમાં વધુ ૧૦ મિનિટ રહેશે, ૧૫ સેકન્ડનો ગ્રેસ પિરિયડ પણ આપવામાં આવશે.
- આ સ્પર્ધા માટે એક સ્પર્ધકને કોલેજ કક્ષાએ સ્પર્ધા યોજીને તેમાંથી પસંદ કરીને મોકલવાની રહેશે.
- સ્પર્ધકનો ક્રમ ડ્રો દ્વારા નક્કી થશે.

### (3) ડીબેટ (Debate):

- ડીબેટ સ્પર્ધા માટે જે-તે કોલેજ બે વ્યક્તિ પસંદ કરીને મોકલી શકશે. એક વ્યક્તિ વિષયની તરફેણમાં બીજી વ્યક્તિ વિષયની વિરૂદ્ધમાં બોલશે.
- ડીબેટ સ્પર્ધાનો વિષય ૨૪ કલાક અગાઉ વર્તમાનપત્રોમાં પ્રસિદ્ધ કરવામાં આવશે.
- ડીબેટ સ્પર્ધાનો કુલ સમય પાંચ મિનિટનો રહેશે. ડીબેટ સ્પર્ધામાં ભાગ
- લેતી વ્યક્તિઓને પાંચ-પાંચ મિનિટ ફાળવવામાં આવશે.

### (4) કાવ્યપઠન :

- સંસ્થા દીઠ માત્ર એક જ પ્રવેશ મોકલવાનો રહેશે.
- અભિવ્યક્તિનું માધ્યમ ગુજરાતી, હિંદી કે અંગ્રેજી રહેશે.
- પ્રસ્તુતિની સમયમર્યાદા મહતમ ૫ મિનિટ અને લઘુતમ ૩ મિનિટની રહેશે.
- કવિતાની નકલ કવિના નામ સાથે ઇન્ચાર્જ પ્રોફેસરને અગાઉથી આપી દેવાની રહેશે.
- નિર્ણાયકોનો નિર્ણય અંતિમ રહેશે.

### (5) શોર્ટ ફિલ્મ :

- સંસ્થા દીઠ માત્ર એક જ પ્રવેશ મોકલવાનો રહેશે.
- અભિવ્યક્તિનું માધ્યમ ગુજરાતી, હિંદી કે અંગ્રેજી રહેશે.
- પ્રસ્તુતિની સમયમર્યાદા મહતમ ૫ મિનિટ અને લઘુતમ ૩ મિનિટની રહેશે.
- ભારત/ગુજરાતનો ભવ્ય વારસો/સંસ્કૃતિ, સ્વાતંત્ર્યસંગ્રામ, સામાજિક જાગૃતિ જેવા વિષયો પર શોર્ટ ફિલ્મ બનાવી શકાશે.

## [IV] નાટ્ય વિભાગ (Theatre):

### (૧) એકાંકી (One Act Play) :

- એકાંકીસ્પર્ધા માટેનો સમય ૩૦ મિનિટનો રહેશે. આ સમયમર્યાદામાં નાટકના સિનોપ્સીઝનો સમય પણ ગણત્રીમાં લેવામાં આવશે. કલાકારોની સંખ્યા પ્રોમ્પટર સહિત ૧૨ થી વધુ રાખવા દેવામાં આવશે નહિ. સંખ્યામાં દિગ્દર્શક અને સહાયકો વગેરેનો સમાવેશ થઈ જાય છે. પાત્ર ભજવનાર કલાકારો કોલેજના વિદ્યાર્થીઓ જ હોવા જોઈએ.
- યુનિવર્સિટી શક્ય હશે ત્યાં સુધી ખુરશી, ટેબલ કે સ્ટૂલ જેવું ફર્નિચર પૂરૂં પાડશે, પરંતુ તે સિવાય અન્ય કોઈ સામગ્રી કે ફર્નિચરની જરૂર હોય તો તેની વ્યવસ્થા એકાંકી ભજવતી કોલેજે કરી લેવાની રહેશે.
- એકાંકી સ્પર્ધામાં ટેકનીક, લાઈટીંગ, સેટીંગ વગેરેના ગુણ આપવામાં આવતા નથી તેનો સ્પષ્ટ ખ્યાલ સ્પર્ધામાં ઊતરતી કોલેજે રાખવાનો રહેશે. અભિનય, હલન-ચલન, કૃતિની પસંદગી, કલા, અભિરૂચિ, તખ્તાલાયકી, સંવાદોની અભિવ્યક્તિ, પ્રેક્ષકગણ ઉપર પડતો પ્રભાવ વગેરેને પ્રાધાન્ય આપતા એકાંકીઓ પસંદ કરવા ઈચ્છનીય છે. કારણ કે ગુણ આપતી વખતે આ બાબતોને મહત્ત્વ આપવામાં આવશે. ૩૦ મિનિટ કરતાં વધુ સમય લેવામાં આવે તેવા નાટકોને ઓછા ગુણ આપવામાં આવશે.
- કોલેજ સ્પર્ધામાં ભાગ લેનાર વિદ્યાર્થીઓ, સહાયકો, દિગ્દર્શક વગેરે અંગે આપેલી માહિતીમાંથી કોઈ માહિતી ખોટી પૂરવાર થાય અથવા નાટકની મૂળ કથાવસ્તુઓમાં કોઈ ફેરફાર કરવામાં આવે કે કોઈપણ પ્રકારની ગેરરીતિ આચરેલી હોય અથવા કાર્યક્રમ દરમ્યાન કોઈ એવો સંજોગો ઊભા થાય જેથી નાટકને સ્પર્ધામાંથી બાકાત રાખવાની જરૂર જણાય અથવા આવા પ્રકારના કોઈ કારણો ઉપસ્થિત થાય તો તેવા નાટકોને શરૂ કરતાં પહેલાં કે છેલ્લી મિનિટે સ્પર્ધામાંથી રદ કરવાની સત્તા યુનિવર્સિટીની રહેશે. જેની સામે કોઈ અપીલનો અવકાશ રહેશે નહિ.
- એકાંકીની સ્ક્રીપ્ટની નકલ એન્ટ્રી ફોર્મ સાથે જ મોકલવાની રહેશે. તે સિવાયની એન્ટ્રી રદ ગણાશે.
- બને ત્યાં સુધી વારંવાર રજૂ થયેલા એકાંકીઓ ફરી રજૂ ન થાય તે માટે ભાગ લેનાર કોલેજોએ એકાંકી પસંદ કરતી વખતે ધ્યાન રાખવું જરૂરી છે.

(૨) **લઘુનાટક (સ્કીટ) (Skits) :**

- સંસ્થાદીઠ એક જૂથ જ ભાગ લઈ શકશે.
- આ સ્પર્ધામાં વધુમાં વધુ ૬ સ્પર્ધકો ભાગ લઈ શકશે.
- દરેક રજૂઆત માટે મહત્તમ સમય ૧૦ મિનિટ ફાળવાશે.
- વેશભૂષા, નેપથ્ય અને પાશ્ચાત્ સંગીતનો ઉપયોગ કરી શકાશે.
- વ્યક્તિગત ટીકા, વ્યંગ કે બિભત્સ શબ્દ પ્રયોગ તેમજ હિંસાના દ્રશ્યો રજૂ કરી શકાશે નહિ.
- નોંધણી સાથે લઘુનાટકના (ગુજરાતી, હિન્દી, અંગ્રેજી) વિષયવસ્તુનો લેખિત ટૂંકસાર ત્રણ નકલમાં જોડવાનો રહેશે.
- નિર્ણય મુખ્યત્વે નાટકીય રજૂઆત, મંચકલા, વિષયવસ્તુ અને સમગ્ર અસર પર આધારિત રહેશે.
- બિભત્સ અને કટાક્ષથી દૂર રહી ફક્ત નિર્દોષ વ્યંગ અને હાસ્ય અપેક્ષિત રહેશે.

(૩) **મુક અભિનય (માઈમ) (Mime) :**

- આ સ્પર્ધામાં દરેક કોલેજમાંથી ઓછામાં ઓછા એક અને વધુમાં વધુ છ સ્પર્ધકો મોકલી શકાશે.
- આ સ્પર્ધાની સમયમર્યાદા પાંચ મિનિટની રહેશે.
- સ્પર્ધામાં સ્પર્ધકને કોઈપણ પ્રાસંગિક મૂક અભિનય રજૂ કરવાનો રહેશે.
- મૂક અભિનયમાં વિચાર-વસ્તુ, રજૂઆતની છટા, મેકઅપ, પોષાક, સંગીત, સમગ્ર શરીરનું હલન-ચલન, હાવભાવ તથા સમગ્ર અસરને નિર્ણાયકો લક્ષમાં લેશે.

(૪) **મિમિક્રી (Mimicry) :**

- દરેક વિદ્યાર્થી કલાકારને પ્રાદેશિક તથા રાષ્ટ્રીય મહોત્સવમાં પોતાની કૃતિ રજૂ કરવા માટે પાંચ મિનિટની સમયમર્યાદા આપવામાં આવશે.
- સ્પર્ધક વાણીના અવાજથી ફિલ્મ કલાકારો સહિતની જાણીતી વ્યક્તિઓની મિમિક્રી કરી શકશે.
- અનુકરણની પ્રતિભા, સમાજનું વૈવિધ્ય તથા સમગ્ર રજૂઆતને આધારે નિર્ણય લેવામાં આવશે.
- દરેક કોલેજમાંથી એક જ સ્પર્ધક ભાગ લઈ શકશે.

## [V] કલા વિભાગ (Fine Art):

### (૧) ચિત્રકળા (શીઘ્ર ચિત્ર સ્પર્ધા) (On the Spot Painting) :

- આ સ્પર્ધામાં એક હરીફ ભાગ લઈ શકશે.
- સ્પર્ધાના સંચાલક તરફથી આપવામાં આવેલ વિષય પર શીઘ્ર ચિત્રકામ કરવાનું રહેશે.
- આ સ્પર્ધાની સમયમર્યાદા ૨ કલાક ૩૦ મિનિટની રહેશે.
- ચિત્રકામ ડ્રોઈંગ પેપરની સાઈઝ ૨૨'' × ૧૫'' ની રહેશે.
- ચિત્રકામ ઓઈલ, વોટર કલર, પોસ્ટર કલરમાં કરી શકાશે.
- વયવસ્થાપક તરફથી માત્ર ડ્રોઈંગ પેપર પૂરા પાડવામાં આવશે. જ્યારે સ્પર્ધકે આ સ્પર્ધા માટે તમામ સામગ્રી જેવી કે બ્રશ, કલર, વગેરે લાવવાના રહેશે.
- રંગ-રેખા કૌશલ્ય, આકાર, બંધારણ, સપ્રમાણતા, સર્જનક્ષમતાને ધ્યાને લેવામાં આવશે.

### (૨) કોલાજ (Collage) :

- દરેક સંસ્થામાંથી એક સ્પર્ધક પ્રતિનિધિત્વ કરી શકશે.
- નમૂનો નક્કી કરેલા સ્થાને/વિષયે બનાવવાનો રહેશે. પેપર સાઈઝનું માપ ૧૫'' × ૨૨''.
- સમયમર્યાદા ૨ કલાક ૩૦ મિનિટ રહેશે.
- સ્પર્ધકોએ પોતાની કાતર, ગુંદર અને અન્ય સામગ્રી લાવવાની રહેશે.
- કોલાજ જૂના સામાયિકોમાંથી બનાવવાનું રહેશે. યુનિવર્સિટી દ્વારા ૧૫''×૨૨'' ના માપનો જાડો કાગળ (ડ્રોઈંગ પેપર) આપવામાં આવશે.
- કલ્પનાશક્તિ, સંયોજનશક્તિ, સર્જનાત્મકતા વગેરે મુદ્દા ધ્યાને લેવાશે.

### (૩) પોસ્ટર મેકિંગ (Poster Making) :

- દરેક સંસ્થામાંથી એક સ્પર્ધક જ પ્રતિનિધિત્વ કરી શકશે.
- ભાગ લેનાર સ્પર્ધકને સ્પર્ધાના નિયુક્ત કરેલ ચેરમેન તરફથી આપવામાં આવેલ વિષય-મુદ્દા પર પોસ્ટર બનાવવાનું રહેશે. જે ચિત્રકામ નથી પરંતુ તેમાં ગ્રાફીક્સ અને ટેકસ્ટનું સંયોજન છે.

- સ્પર્ધાની સમયમર્યાદા બે કલાક ત્રીસ મિનિટની રહેશે.
- દરેક સ્પર્ધકે સ્પર્ધાને લગતા સાધન-સામગ્રી સાથે લાવવાના રહેશે. ૨૨''×૧૫''ની સાઈઝના ડ્રોઈંગ પેપર/શીટ યુનિવર્સિટી તરફથી આપવામાં આવશે.
- વિષય, દ્રષ્ટિકોણ, કલ્પનાશક્તિ, સર્જનાત્મકતા, વિચારને ધ્યાને લેવામાં આવશે.

(૪) **ક્લે મોડેલીંગ (Clay Modeling) :**

- સ્પર્ધક માનવી, પશુ કે પક્ષીના મોડલ પૂર્ણ અથવા સપાટી પર ઉપસાવીને બનાવી શકશે. વિષય સ્પર્ધા સમયે આપવામાં આવશે.
- દરેક સંસ્થામાંથી એક સ્પર્ધક પ્રતિનિધિત્વ કરી શકશે.
- નમૂનો નક્કી કરેલ સમય અને સ્થાને બનાવવાનો રહેશે.
- સ્પર્ધાનો સમય ૨ કલાક ૩૦ મિનિટનો રહેશે.
- સ્પર્ધકે પોતાના માટે જરૂરી માટી, સિન્થેટીક માટી અથવા અન્ય વસ્તુ પોતે જ લાવવાની રહેશે.
- બનાવેલ નમૂનાની ઊંચાઈ ૧૦'' થી ઓછી ન હોવી જોઈએ.
- આગવી સૂઝ , સર્જનાત્મકતા, સપ્રમાણતા વગેરે ધ્યાને લેવાશે.

(૫) **કાર્ટુનિંગ (Cartooning) :**

- દરેક કોલેજ એક સ્પર્ધક મોકલી શકશે.
- તત્કાળ આપવામાં આવેલા વિષય અંગેની કૃતિ રજૂ કરવાની રહેશે.
- બે કલાક અને ત્રીસ મિનિટથી વધારે સમયમર્યાદા રહેશે નહીં.
- ૨૨''×૧૫'' નો ડ્રોઈંગ પેપર સ્પર્ધકને આપવામાં આવશે તે સિવાયની તમામ સામગ્રી સ્પર્ધકે લાવવાની રહેશે.
- આકાર, કૌશલ્ય, આગવી લાક્ષણિકતા, કલ્પનાશક્તિ, સમગ્ર અસરને ધ્યાને લેવાશે.

(૬) **રંગોળી (Rangoli) :**

- રંગોળી કામ સ્થળ પર જ તેમજ આપેલ જગ્યામાં જ કરવાનું રહેશે.
- સ્પર્ધાનો સમય અઢી કલાકનો રહેશે.
- રંગોળી સ્પર્ધા માટે જરૂરી સાધનો-સામગ્રી સ્પર્ધકે લાવવાની રહેશે.
- રંગોળી સ્પર્ધાનો વિષય નિર્ણાયકો તરફથી આપવામાં આવશે.

- નિર્ણાયકો સમગ્ર કૃતિનું મૂલ્યાંકન કરશે.
- દરેક કોલેજમાંથી પસંદ થયેલ એક જ વિદ્યાર્થી સ્પર્ધામાં ભાગ લઈ શકશે.
- રંગ કૌશલ્ય, આકાર વૈવિધ્ય, સપ્રમાણતા, સમગ્ર અસર વગેરે ધ્યાને લેવાશે.

(૭) **તત્કાલ છબીકલા:**

- એક કોલેજ / સંસ્થા એક સ્પર્ધકને મોકલી શકશે.
- સ્પર્ધકે પોતાનો ડિજીટલ કેમેરો સાથે લાવવાનો રહેશે. જે ૧૨ મેગા પિક્સલથી વધારે ન હોવો જોઇએ.
- ડીજીટલ કેમેરામાં મેમરી કાર્ડ હોવું જરૂરી છે, સ્પર્ધા પૂર્વે નિર્ણાયકોને ચકાસવાનું રહેશે.
- સમય મર્યાદા ૨:૩૦ કલાકની રહેશે.
- નિર્ણાયકો દ્વારા સ્પર્ધાના સમયે જ જે વિષય (થીમ) જાહેર થાય તેના ઉપર સ્પર્ધકે ૫(પાંચ) તસ્વીરો ઝીલવાની રહેશે.
- તસ્વીરોમાં મીક્સીંગ, મેચીંગ અથવા મોરફીંગની મંજૂરી આપવામાં આવશે નહીં.
- એનહેન્સીંગ ઈમેજીસ માટે ફોટોશોપ વગેરે સોફ્ટવેરની મંજૂરી આપવામાં આવશે નહીં.
- સ્પર્ધામાં પ્રાપ્ત તસ્વીરોનો યોગય જણાય ત્યાં ઉપયોગ કરવા માટે આયોજક સંસ્થાઓનો તમામ અબાધિત અધિકાર રહેશે.
  (૧) વિષય (૨) આગવો દ્રષ્ટિકોણ (૩) પ્રભાવ (૪) સંયોજન
- સુસંગતતા-સુયોગ્યતા અને આધારોમાં ડીજીટલ ઈમેજીસના ગુણાંકો માન્ય ગણાશે.
- વધારાની સૂચનાઓ સ્પર્ધા સમયે-તે ક્ષણે જ જણાવવામાં આવશે.

(૮) મહેંદી

- મહેંદી કામ સ્થળ પર જ કરવાનું રહેશે.
- સ્પર્ધાનો સમય અઢી કલાકનો રહેશે.
- મહેંદી સ્પર્ધા માટે જરૂરી સાધનો-સામગ્રી સ્પર્ધકે લાવવાની રહેશે.
- મહેંદી સ્પર્ધાનો વિષય નિર્ણાયકો તરફથી આપવામાં આવશે.

- નિર્ણાયકો સમગ્ર કૃતિનું મૂલ્યાંકન કરશે.
- દરેક કોલેજમાંથી પસંદ થયેલ એક જ વિદ્યાર્થી સ્પર્ધામાં ભાગ લઈ શકશે.
- આકૃતિની વૈવિધ્યતા,સ્વચ્છતા,સુઘડતા,તેમજ અભિવ્યક્તિની સૂક્ષ્મતા

વગેરે ધ્યાને લેવાશે.

(૯) ઇન્સ્ટોલેશન :

- ઇન્સ્ટોલેશનના વિષય અથવા શીર્ષક સાથે સંબંધિત કલાકૃતિની રચના કરવી.
- ઇન્સ્ટોલેશનની સાઇઝ મહત્તમ 5'x5'x5' હોવી જોઈએ.
- સ્પર્ધકોએ ભૌતિક સામગ્રીને સાથે લાવવાની રહેશે અને તેને 2.30 કલાકના સમયગાળા કલાત્મક રીતે રચવાની રહેશે.
- સ્પર્ધકો આસપાસમાં ઉપલબ્ધ નકામી/બિનઉપયોગી સામગ્રીનો પણ ઉપયોગ કરી શકે છે અથવા બહારથી પણ કોઈપણ નકામી/બિનઉપયોગી સામગ્રી લાવી શકે છે.
- બજારમાં ઉપલબ્ધ હોય એવી તૈયાર સામગ્રીનો ઉપયોગ કરવાની મનાઈ છે.
- વધુમાં વધુ ચાર (4) સહભાગીઓ/સ્પર્ધકો ભાગ લઈ શકે છે.

## કલાયાત્રાના નિયમોઃ

(૧) કલાયાત્રાનો માર્ગ આયોજક સંસ્થાની અનુકૂળતા અને સૂચના માર્ગદર્શન મુજબ રહેશે.

(૨) પ્રત્યેક સંસ્થા (ટીમ)ની રજૂઆતમાં વેશભૂષા, રજૂઆતની શૈલી, ગાયન, વાદન, નૃત્ય સૂત્રોચ્ચાર અને સમગ્ર રજૂઆત-પ્રભાવને ધ્યાનમાં લઈ નિર્ણાયકો નિર્ણય કરશે.

(૩) કલાયાત્રા માટે જરૂરી સઘળી સામગ્રી ભાગ લેનાર જે-તે સંસ્થાએ સ્વયં લાવવાની રહેશે.

(૪) કલાયાત્રામાં સ્પર્ધક સિવાયના વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે નહિ.

(૫) રાજકીય-સામાજિક-ધાર્મિક કે જાતિગત વિષયને લઈને અસભ્ય, અરૂચિકર કે અભદ્ર પ્રકારની પ્રસ્તુતિ કરનાર સંસ્થાને અમાન્ય ગણવામાં આવશે.

(૬) કલાયાત્રામાં જે-તે સંસ્થાના ટીમ મેનેજરશ્રીઓએ પોતાની ટીમ સાથે રહેવું ફરજિયાત છે.

(૭) કલાયાત્રામાં પ્રથમ, દ્વિતીય કે તૃતિય આવનાર ટીમના પોઈન્ટ ગણત્રીમાં લેવાશે. પોઈન્ટની ગણત્રી સામૂહિક સ્પર્ધાના રૂપની રહેશે.

(૮) કલાયાત્રામાં ભાગ લેનાર સંસ્થા કે સ્પર્ધકોએ જાહેર-જનતાને અડચણ- મુશ્કેલી પડે તેવી પ્રવૃત્તિઓ કે વ્યવહાર કરવો નહિ.



**નોંધ: વધુ સ્પષ્ટતા માટે અંગ્રેજીમાં લિખિત નિયમો વાંચવા.**

**YOUTH AFFAIRS DIVISION** of Bhakta Kavi Narsinh Mehta University organises Inter-College youth programmes pertaining to promotion of human values, culture, personality development, and national integration. It holds Inter-college Youth Festivals at the zonal and Inter Zonal levels comprising 33 competitive cultural events in the domain of music, dance, theater, literary activities and fine arts. Over 145 college youth artistes from the affiliated college of Bhakta Kavi Narsinh Mehta University participate in the zonal and inter zonal youth festival annually and exhibit their talents. These meets also provide the youth an opportunity for a healthy interaction thereby instilling in them an awareness of our historical and cultural heritage.

**A. ELIGIBILITY RULES TO PARTICIPATE IN INTER COLLEGE YOUTH FESTIVAL.**

1. Only bonafide, full time student, who is enrolled for a degree or post graduate degree or diploma course which is of a minimum duration of one academic year and whose examination is conducted by the University subsequent to passing the 12th class examination.

   1.1 Students of open Universities shall be considered to be bonafide students and shall be eligible to participate provided they fulfill other condition. However students enrolled in correspondence course in Institute/Centers of Universities casual students external students and students pursuing bridge course shall not be eligible.

2. All students for participating the Inter University Youth Cultural Activities shall fulfill the following conditions :

   a. Not more than 7 years have elapsed since a student passed the examination qualifying him/her for first admission to a degree or diploma course of a University of college affiliated to a University.

   b. Only students, who are less than 25 years of age as on 1st July of the present academic year in which activity is held can participate.

   c. Further, students can participate for one year more than the normal length of the academic programme which he/she is following.

3. A student employed on full time basis shall not be eligible to participate.
4. A student shall not be allowed to represent more than one University during a single academic year.
5. Provisional admission to a course of a University or college shall not make the student eligible to represent the University in the Inter University Youth Cultural Activities.
6. In case of a student migrating from one University to another his/her migration case will be considered eligible only after his/her admission in the new University is regularized and he / she is admitted as a bonafide student by the new University.

**B. Explanation:**

1. For the purpose of computing years of eligibility one year will cover means the academic year in which the cultural activity is held irrespective of whether the students result is declared or not. It will normally be extended from June/July of the year to 12 calender months to the next year.
2. The restriction of participation in Inter University Youth Cultural Activities to a period of the year more than the length /duration of academic course means that the students pursuing a three year degree programme. (i.e. B.A., B.Sc., B.Com., etc.) can participate for four years, while a student pursuing for year programme (i.e. B.E., B.Tech., etc.) can participate for five years.

**C. Disqualification for violation of Eligibility Rules :**

1. Any disqualification of a participant on ground of ineligibility will result in the automatic scratching of the contingent for that academic year. The contingent shall also be debarred from participating in the Youth Cultural activities be held in the following years.
2. A participant qualified on the grounds of ineligibility shall not be permitted to participate in Inter University Youth Cultural Activities in the next year.

**ASSOCIATION OF INDIAN UNIVERSITIES**
**(YOUTH AFFAIRS DIVISION)**

**RULES & REGULATIONS**

## 1. Music

### (1) Classical Vocal Solo: (Hindustani/Karnatak)

- Only one entry per institution is allowed. Duration of performance 10 min.
- Time for stage/Instruments setting is maximum 5 minutes.
- Maximum number of accompanists is two.
- Item can be presented in either Hindustani or Karnatk style
- Cinema songs are not allowed under this item.
- Sufficient thought and care must be exercised in the choice of Raga and composition.
- Judgment will be based on the qualities like, tal, selection of raga, composition and general impression.

### (2) Classical Instrumental Solo: (Percussion-TalVadya)

- Only one entry per institution is allowed. Duration of performance -10 min.
- Time for stage/Instruments setting is maximum 5 minutes.
- Maximum number of accompanists is two.
- Participants must bring their own instruments.
- Item can be presented in either Hindustani or Karnatk style
- Judgment will be based on the qualities like, taal, selection of raga, composition and general impression.

### (3) Classical Instrumental Solo : (Non-percussion - Swar Vadya)

- Only one entry per institution is allowed. Duration of performance -10 min.
- Time for stage/Instruments setting is maximum 5 minutes.
- Maximum number of accompanists is two.
- Participants must bring their own instruments, Casio not allowed.
- Instruments of western origin adopted to the Indian Raga system are allowed.
- Item can be presented in either Hindustani or Karnatk style

- Judgment will be based on the qualities like Swara, taal, selection of raga, composition and general impression.

**(4) Western InstrumentalSolo:(Percussion-TalVadya)**

- Only one entry per institution is allowed. Duration of performance -10 min.
- Time for stage/Instruments setting is maximum 5 minutes.
- Maximum number of accompanists is two.
- Participants must bring their own instruments.
- Item can be presented in any western style
- Judgment will be based on the qualities like, taal, selection of raga, composition and general impression.

**(5) LightVocal(Indian)**

- Only one entry per institution is allowed.
- Time for stage/Instruments setting is maximum 2 minutes.
- The number of accompanists would not be more than two.
- Duration of the song shall be between 4 to 6 minutes.
- Only non-film songs / geet / ghazal / bhajan / shabad and abhangas can be presented.
- Judgment will be based on the qualities like Swara, taal, selection of raga, composition and general impression.

**(6) Western Vocal Solo :**

- Only one entry per institution is allowed.
- Time for stage/Instruments setting is maximum 2 minutes.
- The number of accompanists would not be more than two.
- Duration of the song shall be between 4 to 6 minutes.
- Language of the song shall only be English.
- Judgment will be based on the qualities like Composition, rhytm, coordination and general impression.

**(7) Group Song (Indian) :**

- Only one entry per institution is allowed.
- Ateam has to present two songs, one patriotic and another will be a folk song.
- Maximum 6 singers in a group and number of accompanists playing instruments shall be three.
- The group songs should be taken from Indian songs which can be in regional language.
- No film song would be presented as group song.

- Maximum time allowed for the group song is 10 minutes which does not include setting time. The setting time for a group shall not exceed 4 minutes.
- Judgment of this items will be on the basis of quality of singing
- : only and not on make-up, costumes and actions of the team.

**(8) Group Songs (Western)**

- Only one entry per institution is allowed.
- Maximum 6 singers in a group maximum number of accompanists playing instruments shall be three.
- The group songs should be taken from English language.
- Maximum time allowed for the group song is 10 minutes which does not include setting time. The setting time for a group shall not exceed 5 minutes.
- Judgment of this items will be on the basis of quality of singing
- : only and not on make-up, costumes and actions of the team.

**(9) Folk Orchestra: (Included in Intercollege competition)**

- Each University can send only one team.
- The team shall consists of up to 12 participants
- The group can consist of all boys or all girls or combined.
- The duration of the performance will be a minimum for 7 and a maximum for 10 minutes.
- This does not include setting time which shall not be more than 5 minutes.
- Up to three professional accompanists are allowed who should be in different dress from the student participants so that they could be easily identified.
- The professional accompanists shall sit/stand separately from the participants and shall not lead the team.
- The team may present preferably those folk tunes which are recognized as folk tunes of the state to which the university belongs.

## 2. DANCE

**(1) Folk/Tribal Dance**

- Only one entry per institution is allowed.
- Maximum 10 participants allowed per team. The team may consists of all boys, girls or a mixture of both.

- The number of accompanists permissible is five.
- The dance can be either primitive or a folk dance (Indian Style) but not a classical one.
- Duration of dance should note be more than 10 minutes.
- Three copies of a brief note giving the theme and the text of song if any, is to be submitted along with the entry form at the time of registration.
- The participating team will be responsible for removal of their sets/properties etc. immediately after the completion of their performance.
- Judgment will be based on the basis of Rhythm, Formation, expression, Costumes, Make-up, Sets on Overall Effect.
- Time for sets/Instruments setting is maximum 5 minutes.

**(2) Classical Dance (Indian)**

- Each Institute can send only one entry.
- The classical dance can be from any of the approved schools of dance. Such as Kathak, Kathakali, Bharat Natyam, Manipuri, Kuchipudi, Mohinittam, Odissi etc.
- Participant will be allowed up to 15 minutes including time for preparation. Maximum three accompanists are permissible.
- Judgment will be based on the qualities like Tal, Technique,
- Rhythm, Abhinaya or Expression, Costumes, Footwork and general impression etc.
- Three copies of a brief note on the description of dance story involved in it, if any, and of the accompanying song, with its meaning in Hindi or English must be submitted at the time of registration.

**3. LITERARY EVENTS :**

**(1) Quiz**

- Each Institute can send a team of three persons.
- There will be a written preliminary round an teams will be elected for the final.
- Finals will be oral with audio - visual questions.
- The Specific rules regarding evaluation procedure, time to reply a particular answer and the type of round will be given

before the actual start of the competition.

**(2) Elocution :**

- Each Institute will be represented by one speaker.
- Medium of expression will be Hindi or English.
- Each speaker will be allowed to speak for maximum five minutes in the Zonal Festival and 10 minutes in the National Festival.
- Subject / Topic of Elocution will be announced in the managers meeting.
- The performance will be judged in one language.
- The item shall be prose or poetry and not song.
- The sequence of speakers will be decided by a draw of lots

**(3) Debate:**

- Each Institute will be represented by the two debaters, one will speak FOR, while another will speak AGANIST the mition.
- Medium of expression will be Hindi or English.
- Topic of Debater will be announced 24 hours in advance.
- Each debater will be allowed to speak for maximum five minutes in the Zonal Festival and 10 minutes in the National Festival.
- The competition from each Institute will speak FOR and AGAINST the motion. Paper reading is not allowed.

**4. Theatre:**

**(1) One Act Play**

- Only one entry shall be accepted from each Institution.
- The duration of the play should not exceed 30 minutes.
- Time will be counted as soon as the signal is given or the team started giving introduction, whichever is earlier. Empty stage toe empty stage shall be followed strictly. For stage setting and removal of set and properties, up to 10 minutes will be given after taking charge of the stage.
- The number of participants should not exceed nine and the maximum number of accompanists should not exceed three. The participating team shall bring their own set/stage property, make up material etc. Light and general property such as ordinary furniture may be provided on advance

information.

- Participants may speak in Hindi, English or any regional language of India. In case, the language is a regional one, the synopsis of the play with translation in, English or Hindi must be submitted to the In-charge of the competition on the day of registration.
- The participating team must report to the In charge of the competition at least two hours before the presentation of the play.
- Judgment will most likely be based on the qualities of the play like theme, work on acting, stage craft, design and general impression etc.
- Decision of the panel of judges will be final and binding upon all.
- Accompanists will either speak from the background or will play upon musical Instruments for background music. They shall not appear on the stage.

**(2) Skit:**

- Only one team per institute will be allowed.
- Maximum number of six participants are allowed to participate in this item.
- Maximum time allotted for each team is 10 minutes.
- Use of make-up, drapery and background music is allowed No personal remarks, aspersions, character assassination etc. is allowed.
- Participating team should submit three copies of the synopsis of the theme of Skit, along with language of presentation (Hindi or English) on the day of registration.
- The item will be Judged basically on the qualities like theme, work on acting, stage craft, design and general impression.
- Vulgarity or bitter insinuations in presentation should be avoided. Only innocent satire or humor is expected.

**(3) Mime.**

- Only one entry per institute will be entertained.
- Maximum number of six participants are allowed to participate in this item.
- Judgment will most likely be based on the qualities like idea,

creativity of presentation, use of make-up music and general impression.

- Duration of performance shall be maximum of 5 minutes.

**(4) Mimicry:**

- Each student artist shall be given 5 minutes item both in the Zonal and Inter Zonal Festivals.
- Participants may mimic sound of machines and speeches of well known persons etc. including film personalities.
- Only one entry.
- Marking will be based on :
  - (i) Skill imitating.
  - (ii) Variety of sound and voices imitate.
  - (iii) Presentation.

**5. Fine Arts**

**(1) On the Spot Painting:**

- Each Institute will be represented by one participant.
- Item will be conducted on the spot and participants will be requested to do painting on the subject given by the In charge(s) of the competition.
- Duration will not be more than 2 hours 30 minutes.
- Size of the painting will be half imperial size drawing paper i.e. 22 inches X 15 inches.
- Painting can be done in oil, water, poster or pastel colours.
- Candidate shall bring their own material like brushes, paints etc. Only the paper/sheet will be provided by the host institute.

**(2) Collage :**

- Each Institute will be represented by one participant.
- Item will be conducted on the spot on the given topic I subject, sheet size 15" X 22".
- Duration will not be more than 2 hours 30 minutes.
- Participants shall bring their own scissors, pasting and other material required for the contest.
- Collage has to be prepared from old magazines, The host University will provide the drawing paper of the size 22" x 15"

**(3) Poster Making:**

- Each Institute will be represented by one participant.
- Item will be conducted on the spot and the participants will be requested to do poster making on the subject / topic / theme
- given by the In-charge of the competition.
- Duration will not be more than 2 hours 30 minutes.
- Participants shall bring their own material. Only the Drawing paper/Sheet 22"x15" will be provided by the organizers.

**(4) ClayModeling:**

- Each Institute will be represented by one participant.
- Item will be conducted on the spot.
- Duration will not be more than 2 hours 30 minutes.
- Topics/size and other specific rules shall be announced on the spot.
- Clay shall be provided by the host institute.

**(5) Cartooning:**

- Each Institute will be represented by one participant.
- Item will be conducted on the spot on the given subject I idea.
- Duration will not be more than 2 hours 30 minutes.
- Participants shall bring their own material. Only the Drawing paper 22"x15" will be provided by the host University.

**(6) Rangoli:**

- Each Institute will be represented by one participant.
- Duration will not be more than 2 hours 30 minutes. Participants shall bring their own material. This art is know differently in various regions such as Mandna, Alpana, Alekhan, Kolam, Rangoli, etc. For this the medium and form for expression can be free hand, pictorial and descriptive.
- Only one medium shall be used - Poster Colours or Flower Petals or Saw-dust or Pulses or Rice without pasting.
- The Participants shall have to prepare a rangoli within the space provided by the organizers.

**(7) Spot Photography : (Included in Inter College competition)**

- Acollage/Institution can send one participant.

- The participant has to bring his/her own digital camera of not more than 12 mega pixels.
- The digital camera should have a memory card which will be formatted by the judges before the commencement of the contest.
- The time limit will be 2.30 hours.
- The participant has to capture 5 photographs on the theme announced on the spot by the judges.
- No mixing, matching or morphing of photographs will be permitted.
- Software such as Photoshop etc. for enhancing images not permitted.
- The organizers will have all rights for the use of these pictures as and when they deem fit.
- Digital images are evaluated on the basis of (I) IMPACT.
- (II) COMPOSITION. (III) TECHNICAL QUALITY, and
- (IV) SUITABILITY for the specific theme.
- The additional instruction will be announced on the spot.

**(8) Mahendi:**

- Each Institute will be represented by one participant.
- Duration will not be more than 2 hours 30 minutes.
- Participants shall bring their own material.
- Subject of competition will be given by the

**IMPORTANT :**

The participants are requested to study the rules and regulations for the various events given above. The decision of the Judges appointed for different events shall be final and binding upon all.